[Q - 1]. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(5) કયા કયા વાહનોમાં મુસાફરી કરવા માટે ટિકિટ ખરીદવી પડે?

- બસ, ટ્રેન, હોડી, ઉડન ખાટોલા, સ્ટીમર, વિમાન, અને મેટ્રોમાં મુસાફરી કરવા માટે ટિકિટ ખરીદવી પડે.

(2) તમે ક્યારેય દરિયાકિનારે ફરવા ગયા છો? કઈ કઈ જગ્યાએ?

- અમે ગયા વર્ષે શાળામાંથી સૌરાષ્ટ્રના પ્રવાસે ગયા હતા. ત્યારે સોમનાથ અને ચોરવાડના દરિયાકિનારે ફરવા ગયા હતા.

(3) દરિયાકિનારે રિયાએ શેના પર સવારી કરી?

- દરિયાકિનારે રિયાએ ઘોડા અને ઊંટ પર સવારી કરી.

(4) રિયા ની ટ્રેનને ગાંધીધામ થી વાપી પહોંચતા કેટલા કલાક થયા?

- રિયાએ ગાંધીધામ થી તારીખ ૨૮ મી મે ના રાત્રે 9:15 વાગ્યે ટ્રેનમાં મુસાફરી ની શરૂઆત કરી. અને તેઓ તારીખ 29 મી મે ના રોજ સવારે ૧૦:૨૫ મીનીટે વાપી સ્ટેશન પર ઉતર્યા. આમ, રિયાની ટ્રેનને ગાંધીધામ થી વાપી પહોંચતા કુલ ૧૩ કલાક ...

[Q - 2]. નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(1) અહીં આપેલ ટ્રેનની ટિકિટના ચિત્રને જુઓ. નીચેની માહિતી ટિકિટમાંથી શોધો અને લખો.

- - ટ્રેનનંબર: 9037
- મુસાફરી ચાલુ થવાની તારીખ: 24-12-2018
- ડબા અને બેઠક નંબર: A-1: 21, 22 અને 23
- ભાડું (ટિકિટના પૈસા): 2578/- રૂપિયા
- અંતર (કિમીમાં): 643 કિમી
- - કેટલી વ્યક્તિઓએ મુસાફરી કરી?: 3 (2 પુખ્ત 1 બાળક)
- - આ ટિકિટ કેટલા પુરુષ અને સ્ત્રીઓ માટે છે?: પુરુષ 2 સ્ત્રી 1 = 3

(2) બીજી કોઈ માહિતી તમે ટિકિટમાંથી શોધી શકો છો. તે લખો.

  - (1) પી.એન.આર.નંબર: 820-6449755
  - (2) શ્રેણી: 2 વાતાનુકૂલિત (એસી બીજી શ્રેણી)

- (3) બેશવાનું સ્થળ: બાંદ્રા ટેર્મિનલ
- (4) ઉતરવાનું સ્થળ: રતલામ જંકશન
- (5) ટિકિટ નંબર: 68250918
- (6) ટ્રેનનું નામ: અવધ એક્સપ્રેસ
- (7) ટિકિટ લીધી તેની તારીખ અને સમય: 27-10-2018, 14:36
- (8) સુવા માટે બેઠકનું સ્થાન, તેની જાતિ-ઉંમર: સીટ નં-21 નીચે પુરુષ-39, સીટ નં-23 વચ્ચે સ્ત્રી-37, સીટ નં-22 ઉપર પુરુષ-7

[Q - 3]. રિયાએ મુસાફરી કરેલી ટ્રેનના માર્ગની વિગતો સમયપત્રકમાં આપેલ છે. તેને ધ્યાનપૂર્વક જુઓ અને નીચેના પ્રશ્નોનાં ઉત્તર આપો.

(1) નીચેના સ્થળોએ ટ્રેનના પહોચવાનો સમય લખો.

- (i) ગાંધીધામ: 20:55 કલાકે

  (ii) અમદાવાદ: 02:35 કલાકે

  (iii) સુરત: 07:00 કલાકે

(2) કોષ્ટકમાં આપેલા એવા સ્ટેશનમાં નામ ઉપર ગોળ કરો જે રિયાની ડાયરીમાં લખેલ છે.

- ગાંધીધામ, સામખયાળી, અમદાવાદ, નડિયાદ, વડોદરા, સુરત, વલસાડ, વાપી.

(3) ટ્રેન કયા સ્ટેશનથી ઉપડી હતી? કેટલા કલાકે?

- ટ્રેન ભુજ સ્ટેશનથી ઉપડી હતી 19:50 કલાકે એટલે સાંજે સાત અને પચાસ મિનિટે.

(4) ટ્રેન ભુજથી ગાંધીધામ પહોચતાં સુધી કેટલા કિલોમીટર અંતર કાપ્યું?

- ટ્રેન ભુજથી ગાંધીધામ પહોચતાં 58 કિલોમીટર અંતર કાપ્યું.

(5) મુસાફરીના કયા દિવસે ટ્રેન વાપી પહોચી?

- મુસાફરીના બુજા દિવસે ટ્રેન વાપી પહોચી.

(6) ફ્રિયોના ટ્રેનમાંથી ઉતરી ત્યારબાદ રિયાને વાપી પહોચતાં કેટલો સમય લાગ્યો?

- ફ્રિયોના ટ્રેનમાંથી ઉતરી ત્યારબાદ રિયાને વાપી પહોચતાં 6 કલાક અને 38 મિનિટ લાગી.

  ગણતરી: 10:25 - 3:47 = 6 કલાક 38 મિનિટ

(7) કેટલા કિમીની મુસાફરી સાથે કરી?

- ક્રિયોના અને રિયાએ ગાંધીધામથી નડિયાદ સુધી મુસાફરી સાથે કઇ એટલે કે ત્રણ સો સુડતાલીસ (347) કિમીની મુસાફરી કરી. ગણતરી: 405-58 = 347 કિમી

(8) રિયાએ ટ્રેન દ્વારા કેટલા કિમી મુસાફરી કરી?

- રિયાએ ટ્રેન દ્વારા છસો બાવીસ (622) કિલોમીટરની મુસાફરી કરી. ગણતરી: 680-58 = 622 કિમી

(9) તમને ડાયરી લખવી ગમશે?

- હા, મને ડાયરી લખવી ગમશે.